BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ્ બ્રૅમ્પટનના બ્રેમલિ સિવિક સેંટરમાં હશે ઓન્ટારિયોની સૌથી નવી મેડિકલ સ્કૂલ, TMU સ્કૂલ ઓફ્ મેડિસિન

બ્રૅમ્પટન ઓન્ટારિયો (27 જાન્યુઆરી 2023) -- આજે સિટી ઓફ્ બ્રૅમ્પટન, ઓન્ટારિયો સરકાર અને ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીએ (TMU) જાહેર કર્યું કે સિટીના બ્રેમલિ સિવિક સેંટરમાં 150 સેંટ્રલ પાર્ક ડ્રાઇવ, બ્રૅમ્પટન ખાતે નવી ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ્ મેડિસિન સ્થાપિત થશે.

કારણકે તે સિટીના હેલ્થ અને લાઇફ્ સાયન્સના ક્લસ્ટરમાં વ્યુહાત્મક રીતે સ્થિતસિટી સિવિક સેંટર પસંદ કરવામાં આવ્યુંત છે અને તે બન્ને બ્રૅમ્પટન સિવિક તેમજ પીલ મેમોરિયલ હોસ્પિટલ્સની નિકટ છે અને તે સાથે પાલિકાના પરિવહન, GO ટ્રાન્ઝિટ અને ધોરીમાર્ગોના નેટવર્ક દ્વારા ત્યાં સરળતાથી પહોંચી શકાય તેમ છે. આ સાઇટ સ્કૂલ ઓફ્ મેડિસિન માટે આવશ્યક જગ્યાની જરૂરિયાતો પણ પૂર્ણ કરે છે જેમાં વર્ગખંડો, કાર્યાલયો, સંશોધન સવલતો અને જોડાયેલ આરોગ્ય ક્લિનિક માટે 2,50,000 ચોરસ ફૂટની જગ્યા આવશ્યક છે. સિટી ઓફ્ બ્રૅમ્પટન દ્વારા $20 મિલિયન જેટલા ભંડોળ મકાનના રિનોવેશન માટે નિવેશ થશે જે સ્કૂલ ઓફ્ મેડિસિનના પ્રોગ્રામિંગ અને પ્રચાલન માટે જરૂરી છે.

TMU સ્કૂલ ઓફ્ મેડિસિન GTA ખાતેની સો કરતા વધુ વર્ષે બનનાર પ્રથમ નવી મેડિકલ સ્કૂલ હશે જે બ્રૅમ્પટનને સમુદાય કેન્દ્રિત મેડિકલ સ્કૂલનું ઘર બનાવશે જેનું ધ્યાન સમાવેશિતા, ઇનોવેશન અને પ્રાથમિક સંભાળ પર કેન્દ્રિત રહેશે.

બ્રૅમ્પટનમાં તબીબી સ્કૂલની સ્થાપના સિટીના ચાલુ રહેલા હિમાયતલક્ષી કાર્યનો નોંધપાત્ર હિસ્સો રહ્યો છે. 2021ના પૂર્વાર્ધમાં, શહેરમાં ભાવિ સ્કૂલ ઓફ્ મેડિસિનને ભંડોળ પૂરું પાડવામાં મદદરૂપ થવા બ્રૅમ્પટન સિટી કાઉન્સિલે $1 મિલિયનના આયોજન અનુદાનની તરફેણમાં મત પસાર કર્યો હતો જેમાં સમકક્ષ ભંડોળ પ્રોવિન્સ ઓફ્ ઓન્ટારિયો દ્વારા રોકવામાં આવનાર હતું. માર્ચ 2022માં ઓન્ટારિયો સરકારે જાહેર કર્યું હતું કે તેઓ વધુ મજબૂત, વધુ સ્થિતિસ્થાપક આરોગ્ય સંભાળ પ્રણાલિની સ્થાપના હેતુ મેડિકલ સ્કૂલના શિક્ષણનો વિસ્તાર કરશે; જેમાં, તે 2025માં ખુલશે ત્યારે સામેલ હશે TMU યુનિવર્સિટી સ્કૂલ ઓફ્ મેડિસિન માટે 80 સ્નાતકની અને 95 અનુસ્નાતક બેઠકો.

બ્રૅમ્પટન ખાતેની સ્કૂલ ઓફ્ મેડિસિન રોજર્સ સાયબરસિક્યોર કૅટેલિસ્ટ અને બ્રૅમ્પટન વેન્ચર ઝોન સહિત સીટી ઓફ્ બ્રૅમ્પટન અને યુનિવર્સિટી વચ્ચેની પ્રવર્તમાન ભાગિદારીનો આધાર લઈને આ સંયુક્ત દ્રષ્ટિકોણને વિસ્તારશે.

સ્કૂલ ઓફ્ મેડિસિન વિશે વધુ માહિતી મેળવવા, અહીં મુલાકાત લો https://www.torontomu.ca/school-of-medicine/

**ફેર ડીલ ફોર બ્રૅમ્પટન**

22 જાન્યુઆરી 2020ના રોજ સીટી ઓફ્ બ્રૅમ્પટને આરોગ્ય સંભાળની કટોકટી જાહેર કરી અને "ફેરડીલ ફોર બ્રૅમ્પટન" કહેવાતી હિમાયતલક્ષી ઝુંબેશનું લોકાર્પણ કર્યું – જેમાં પ્રોવિન્સ પાસેથી વધુ ભંડોળ માટે વિનંતી કરવામાં આવી જેથી બ્રૅમ્પટનની આરોગ્ય સંભાળની ત્રુટીઓના અવકાશને ભરી શકાય. આ જાહેરાત અને પીલ મેમોરિયલના વિસ્તૃતિકરણને પગલે બ્રૅમ્પટનમાં આરોગ્ય સંભાળ કટોકટીને સંબોધી શકાશે અને તે સુનિશ્ચિત થશે કે આરોગ્ય સંભાળના પ્રેક્ટિશનરોની આગામી પેઢી શહેરમાં જ સ્થાનિક ધોરણે તાલીમ પામી શકશે.

**સુવાક્યો**

“આજે બ્રૅમ્પટન માટે એક મહત્વપૂર્ણ દિવસ છે કારણ કે અમે સો વર્ષથી વધુ સમયમાં GTAમાં બ્રૅમ્પટન સિવિક સેંટર ખાતેની પ્રથમ મેડિકલ સ્કૂલની અમે જાહેરાત કરીએ છીએ. બ્રૅમ્પટન સ્કૂલ ઓફ્ મેડિસિનનું સર્જન કરીને અમે એક એવી આરોગ્ય સંભાળ પ્રણાલિ તૈયાર કરી રહ્યા છીએ જે સ્થાનિક પ્રતિભાને પ્રોત્સાહિત કરે અને તબીબી ક્ષેત્રમાં આર્થિક વિકાસ આણશે. આ શાળા અને સિટીની બીજી હૉસ્પિટલ જે પીલ મેમોરિયલના વિસ્તૃતિકરણને પગલે બ્રૅમ્પટનમાં આરોગ્ય સંભાળ કટોકટીને સંબોધી શકશે અને તે સુનિશ્ચિત કરશે જેથી આરોગ્ય સંભાળના પ્રેક્ટિશનરોની આગામી પેઢી શહેરમાં જ સ્થાનિક ધોરણે તાલીમ પામી શકે. આપણા શહેર માટે તો આ લક્ષ્યપૂર્તિ છે અને મારે આ તબક્કે ખાસ કાઉન્સિલર સાન્તોસ અને કાઉન્સિલર સિંઘનો આભાર માનવો રહ્યો જેઓએ છેલ્લા ચાર વર્ષ દરમિયાન વિરોધનો સામનો કરીને પણ ક્યારેય આપણા નિવાસીઓ માટે વધારાના પોસ્ટ-સેકન્ડરી વિકલ્પોનું સ્વપ્ન પડતું મુક્યું નહીં.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

"GTAમાં એક શતક કરતા વધુ સમય બાદ પ્રથમ તબીબી વિદ્યાલય માટે બ્રૅમ્પટનની પસંદગી થવી તે આપણા સમુદાયનો મોટો વિજય ગણી શકાય. કૅનેડાના સૌથી યુવાન શહેર અને ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે પોસ્ટસેકન્ડરી તકોને વિસ્તૃત કરવી અને આરોગ્ય સંભાળ પ્રણાલિ ઊભી કરવી તે આપણી કાઉન્સિલ અને નિવાસીઓ માટે મહત્ત્વપૂર્ણ અગ્રિમતાઓ છે. આપણા નિવાસીઓ માટે વાજબી અને સમાન આરોગ્ય સંભાળ સુરક્ષિત કરવા માટે અને બ્રૅમ્પટન સ્કૂલ ઓફ્ મેડિસિન સુરક્ષિત કરવા સિટીના કર્મચારીઓએ કાઉન્સિલની હિમાયતને સક્રિયપણે આગળ ધપાવી તે આ પ્રવાસનો મોટો માઇલસ્ટોન છે.

- *ડેમાર્લેન કલિડીન, ચીફ્ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ્ બ્રૅમ્પટન*

"અમારા સહયોગીઓ સિટી ઓફ બ્રૅમ્પટન અને ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીને દસકાઓ પછી ઓન્ટારિયોમાં પ્રથમ મેડિકલ સ્કૂલ બાંધવાના આ આગામી પગલા લે છે તે માટે અભિનંદન જેમ જેમ અમારી સરકાર આપણા આરોગ્ય સંભાળના માળખાને બનાવવા અને વિસ્તૃત કરવા માટે ઐતિહાસિક રોકાણો કરે છે ત્યારે TMUની નવી સ્કૂલ ઓફ મેડિસિન એ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે કે અમારી પાસે નક્કી કરેલા ડૉક્ટરો છે - બ્રૅમ્પટનમાં, પીલ રીજનમાં અને આખા પ્રોવિન્સમાં - જેથી જ્યારે જરૂર હોય ત્યારે જ્યારે જરૂર હોય અને જ્યાં જરૂર હોય ત્યારે ઓન્ટારિયોવાસીઓને ઉચ્ચ ગુણવત્તાની સંભાળ મળે.

- *માનનીય ડુગ ફોર્ડ, ન્ટારિયોના પ્રિમિયર*

નાયબ પ્રીમિયર અને આરોગ્ય પ્રધાન સિલવિયા જોન્સે જણાવ્યું કે "મેડિકલ પોસ્ટસેકન્ડરી શિક્ષણના વિસ્તાર માટેના આ ઐતિહાસિક રોકાણથી ઓન્ટારિયોવાસીઓ માટે પોતાના સમુદાયોમાં જ વિશ્વ દરજ્જાની આરોગ્ય સંભાળ સુધી પહોંચવાનો માર્ગ સરળ બની રહેશે જે ભવિષ્યના ડૉક્ટરો અને નર્સોને તાલીમ આપીને થઈ શકશે". "વધુ આરોગ્ય સંભાળ કર્મચારીઓ અપવાદરૂપ શિક્ષણ અને તાલીમ મેળવી શકે છે તે સુનિશ્ચિત કરવાથી ફિઝિશ્યનો અને અન્ય આરોગ્ય સંભાળ વ્યવસાયિકો સુધીની પહોંચ આખા પ્રોવિંસમાં સુગમ બની રહેશે."

- *નાયબ પ્રીમિયર અને આરોગ્ય પ્રધાન સિલવિયા જોન્સ, ઓન્ટારિયો સરકાર*

"બ્રૅમ્પટન અને પીલ રિજનના સમુદાયો માટે તેમની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સ્કૂલ ઓફ મેડિસિન ઊભી કરવા અમે પ્રતિબદ્ધ છીએ અને સ્થળ નક્કી થઈ જતા હવે અમે લક્ષ્યથી વધુ એક ડગલું નિકટ છીએ. અમે અમારા સહયોગીઓ બ્રૅમ્પટન શહેર અને ઓન્ટારિયો રાજ્યના અત્યંત આભારી છીએ જેમણે રોકાણ કર્યા અને જેનાથી અમને આ પ્રાંત અને પ્રોવિંસમાં તબીબી શિક્ષણ ધરાવતા ઉજ્જવળ ભવિષ્યના અમારા સંયુક્ત વિઝનને સાકાર કરવામાં મદદ મળશે.

- *મોહમ્મદ લચેમી, અધ્યક્ષ અને ઉપ-કુલપતી, ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca